# અહંકાર

## આધ્યાત્મિક સાધનાનો પરમ શત્રુ

શ્રી પ્રાણનાથજીની તારતમ વાણીનાં અમૂલ્ય પૂષ્પ

ત્રીજું પુષ્પ

**પ્રકાશક :**
**શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન**
**Shri Prannath Global Consciousness Mission**

**સંપર્ક સૂત્રઃ**
**શ્રી નિજાનંદ આશ્રમ**
**નેશનલ હાઈવે નં.૮, બાયપાસ, સયાજીપુરા, વડોદરા - 390019**
Email : premseva7@yahoo.com; manulpdc@yahoo.com
Phones: 989-800-0168, 787-415-1371, 942-736-4535
Website : www.shriprannathji.com

**શ્રી નિજાનંદ આશ્રમ**
**રતનપુરી, જિલ્લો-મુજફ્ફરનગર, ઉત્તરપ્રદેશ**
Phone: 9811072951

**Lord Prannath Divine Center, U.S.A/ Canada**
8062, Eisonhower Parkway, Lizella, GA 31052-3202
Email : jagni7@yahoo.com; jagnicorp@yahoo.com
Phones: 011-973-760-9238; 011-478-808-4079
Website: www.nijanand.org

**શ્રી પ્રાણનાથજી મંદિર**
**શામળાજી, જીલ્લો-અરવલ્લી**

**મુદ્રક :-**
**દર્શન પ્રિન્ટર્સ**
**૫, વિષ્ણુ એસ્ટેટ, રઘુનાથ હીન્દી હાઈસ્કૂલની સામે,**
**મેમ્કો - બાપુનગર રોડ, બાપુનગર, અમદાવાદ**
**મો.૯૭૨૫૨ ૧૯૯૦૮**

## :: પ્રાણનાથ વાણી અવતરણ પરિચય ::

અનંત સૃષ્ટિઓના અસ્તિત્વના જે મૂલ આધાર છે, સર્વે આત્માઓના જે એકમાત્ર માલિક છે, સર્વે શક્તિઓના જે મૂલ સ્રોત છે, એવા પ્રિયતમ પરમાત્મા જ પ્રાણનાથ છે. અને હા, આપણે સર્વે તે સાગર સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રિયતમ ની આનંદની લહેરો છીએ, આત્માઓ છીએ. આધ્યાત્મિક માર્ગે આ પ્રમાણે પરસ્પર આત્મીયતાનો ભાવ જ કેન્દ્ર સ્થાને છે. સંપૂર્ણ માનવ જાતને એકાત્મ ભાવથી, દિવ્ય પ્રેમના તાંતણે બાંધવી એજ ધર્મનો ખરેખરો ઉદ્દેશ છે.

પ્યારે સાથજી, સંસારના ખેલમાં પ્રાણપ્રિય પ્રાણનાથ આપણને સત્ય તથા અસત્યની ઓળખ કરાવીને સમગ્ર સંસારને એક કરવાના હેતુથી જ બ્રહ્મજ્ઞાન લઈને પધાર્યા છે. તેને તારતમવાણી એટલા માટે કહેવામાં આવે છે કે તે દિવ્યજ્ઞાન મોહમાયાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી પરમ આનંદમયી દિવ્ય પ્રકાશ ની તરફ લઈ જાય છે.

શ્રી પ્રાણનાથજી ના શ્રી મુખેથી અવતરેલી આ વાણી કુલજમ સ્વરૂપ મહાગ્રંથમાં સમાયેલી છે. જે વર્તમાન સંસારમાં મળેલી અનમોલ આધ્યાત્મિક સંપત્તિ છે. તેમાં સંસારના તમામ ધર્મગ્રંથોમાં આવેલ આધ્યાત્મિક જ્ઞાનને તારતમના મોતીઓની માળાના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. તેમાં વિશેષરૂપે એવા અનાદિ આધ્યાત્મિક પ્રશ્નોનું જેવા કે - હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારા ધણી કોણ છે ? નું નિરાકરણ કરવામાં આવ્યું છે. શ્રીજી જણાવે છે કે મનુષ્ય માત્ર એ પ્રિયતમ પરમાત્માની આત્મપ્રિયા છે. તેમની આત્મઅંગના છે. આ ભાવને દ્દઢ કરી લેવાથી આત્મા સ્વયં પરમાત્માનું સર્વોચ્ચ કક્ષાનું સુખ લઈ શકે છે. જ્યારે પરબ્રહ્મ અક્ષરાતીતે પોતાની દિવ્યશક્તિઓથી આવેશીત સ્વરૂપમાં નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીને ( ઈ.૧૫૮૧-૧૬૫૪ માં ) દર્શન આપ્યાં ત્યારે તારતમજ્ઞાન નું અવતરણ આ બ્રહ્માંડમાં સંવત ૧૬૨૧ માં થયું. આ બીજરૂપ રહેલું જ્ઞાન આગળ જતાં શ્રી કુલજમ સ્વરૂપ રૂપે વટવૃક્ષ બની ગયું. જે આજે સમસ્ત સંસારને સુખ-શીતળતા પ્રદાન કરી રહ્યું છે. શ્રી કુલજમ સ્વરૂપ અંતર્ગત બ્રહ્મજ્ઞાનનું અવતરણ ઈ. ૧૬૫૯ ( નૌતનપુરી જામનગર ) થી ઈ.સ. ૧૬૯૨ (પન્ના, મ.પ્ર.) સુધી ૩૩ વર્ષના ગાળામાં આત્મજાગૃતિ ની યાત્રા દરમ્યાન અલગ-અલગ સ્થળો પર થયું. તેમાં ૧૭ રત્નરૂપી ગ્રથોમાં કુલ ૧૮૭૫૮ ચોપાઈઓ આવેલી છે.



નિજાનંદના રસ્તે આગળ વધતા આત્મજનો માટે તે સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાનમયી સ્વરૂપ જ છે. આ વાણીમાં જે ‘મહામતિ’ ની ઓળખ છે તે પ્રિયતમ પરબ્રહ્મની સર્વોત્તમ દિવ્યશક્તિઓનો મહાપુંજ છે. જેમનું સાંસારિક નામ મિહિરરાજ ઠાકુર (ઈ.સ. ૧૬૧૮-૧૬૯૪) છે. તેઓ પ્રિયતમ પરબ્રહ્મની મેહરથી મહામતિ નું પદ પ્રાપ્ત કરે છે. તેમના તન દ્વારા પરબ્રહ્મ અક્ષરાતીતની લીલાઓ થવાથી તેમની ભજના કરવાવાળો ‘સુંદરસાથ’ સમુદાય તેમને પ્રાણનાથ તરીકે ઓળખી પ્રણામ કરે છે. જ્યારે ખરેખર તો ક્ષરપુરૂષ તથા અક્ષરબ્રહ્મથી પર એવા અક્ષરાતીત પરબ્રહ્મ જ શ્રી પ્રાણનાથ છે.

જામનગર ( ગુજરાત રાજ્ય )માં દિવાન પદે બિરાજમાન મિહિરરાજે પોતાના સદ્‌ગુરૂ નિજાનંદચાર્ય શ્રી દેવચંદ્રજી ( ઈ.૧૫૮૧-૧૬૫૪ )ની પ્રેરણાથી સંસારનાં ભૌતિક સુખોનો ત્યાગ કરીને આત્મ-જાગૃત્તિ માટેનો મહાસંકલ્પ લીધો. ૧૨ વર્ષની નાની ઉંમરે તેમણે સદગુરૂનું શરણું લીધું અને તારતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અદ્વૈત પ્રેમના સ્વરૂપની ઓળખ પ્રાપ્ત કરીને પોતે સેવા, સમર્પણ અને પ્રેમની મૂર્તિ બની ગયા. આધ્યાત્મિકતાને પોતાના જીવનમાં કેન્દ્રસ્થાને રાખી તેમણે પોતાનો કુટુંબ ધર્મ, સમાજ ધર્મ, રાષ્ટ્રીય ધર્મ અને માનવ ધર્મ નિભાવ્યો. માનવતાવાદી દૃષ્ટિકોણથી તેમણે પ્રત્યેક માનવમાં રહેલી આત્મ ચેતનાને પરમાત્મ ચેતના સાથે જોડી. વ્યક્તિ, સમાજ, ધર્મ અને વિશ્વ સમુદાયને એક આધ્યાત્મિક કડીથી જોડ્યું. આથી તેમના એકીકરણના પ્રયત્નોન તથા તેમની હિતકર વાણીનું સાચું મૂલ્યાંકન સાંપ્રદાયિક વિચારધારાથી પરે રહીને જ કરી શકાય.

તેની સાથે સાથે સામાજિક જીવનના મહત્ત્વપૂર્ણ વ્યવહારિક પ્રશ્નોને પણ તેમણે ઉકેલ્યા. તેઓ સામાજિક ક્રાંતિ માટે નિમિત્તરૂપ બન્યા. ધર્મના નામે ફેલાયેલો અંધવિશ્વાસ, અસ્પૃશ્યતા, આભડછેટ છે, નાત-જાતના ભેદ, ઉંચનીચના ભેદ, વ્યસનોમાં ફસામણ, સ્ત્રીઓને થઈ રહેલા અન્યાય, ધાર્મિક અસહિષ્ણુતા, દેખાવ પૂરતું થતું ધર્મપાલન, કર્મકાંડની રૂઢ જડતા, ધાર્મિકક્ષેત્રે થઈ રહેલા આડંબર દ્વારા શોષણ વિગેરે સામાજિક સમસ્યાઓને ઉકેલવા માટે ઉત્તમ માર્ગ બતાવ્યો. તેમણે આજથી ૪૦૦ વર્ષ પહેલાં રૂઢિગત મિથ્યા મર્યાદાઓમાં ફસાયેલા સમાજમાં નવી ચેતના જાગૃત કરી, જેની આજના

સામાજિક જીવનમાં અત્યંત જરૂર છે.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એ પણ બાળપણમાં તેમની માતા પુતળીબાઈ દ્વારા અહિંસક આંદોલન અને રેંટીયા દ્વારા ક્રાંતિની પ્રેરણા શ્રી પ્રાણનાથજીના તારતમજ્ઞાન દ્વારા મેળવી હતી. આમ, વિશ્વના મહાન માનવતાવાદીઓ અને વિચારકો પર શ્રી પ્રાણનાથજીના જ્ઞાનનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.


આ પુસ્તિકામાં રજૂ કરેલ દિવ્યવાણીની ચોપાઈઓ શ્રી પ્રાણનાથજીના દિવ્યજ્ઞાનનો મહિમા દર્શાવે છે.

પ્યારે સાથજી ! આ તારતમવાણીના મહાત્મ્યથી જ ઈ.સ.૧૬૭૮માં (સંવત ૧૭૩૫) હરિદ્વારમાં મહાકુંભના પર્વ દરમ્યાન મહામતિજી વિજ્યાભિનંદ નિષ્કલંક બુધ્ધના રૂપમાં જાહેર થયા હતા. એટલું જ નહીં મોગલ સમ્રાટ ઔરંગઝેબના દરબારમાં સર્વધર્મ એકીકરણનો સંદેશો લઈને બાર સુંદરસાથને મોકલ્યા હતા. મોગલ સમ્રાટને ધર્મનું સાચું સ્વરૂપ બતાવ્યું તથા અનેક હિંદુરાજાઓને પણ અધ્યાત્મ જ્ઞાન દ્વારા જાગૃત કર્યા. આખરે તેમને મળ્યા બુંદેલા છત્રસાલ, (ઈ.સ.૧૬૪૯-૧૭૩૧) જેમણે પોતાની છત્રછાયામાં બુંદેલખંડમાં એક આદર્શ આધ્યાત્મિક રાજ્યની સ્થાપના કરી અને તેની રાજધાની પન્ના શહેર(મ.પ્ર.)ને વૈશ્વિક ચેતનાનું કેન્દ્ર બનાવ્યું.

પ્યારે સાથજી ! જ્ઞાન અને પ્રેમ તો વહેંચવાથી વધે છે. આથી આજે વિશ્વભરમાં કરોડો લોકો આ બ્રહ્મજ્ઞાનના માર્ગદર્શન થકી પોતે જાગૃત થઈ સંસારને સહાયરૂપ થવાની સેવા બજાવી રહ્યા છે. શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન થી અભિભૂત થઈ પ્રેમીજનો આપ સુધી સદ્ભાવનાથી વાણીનું આ પુષ્પ (જ્ઞાનરૂપી) લઈને આવ્યા છે.

આપનું જીવન આ પુષ્પની દિવ્યસુગંધથી મઘમઘી ઉઠે અને આપ પોતે પણ આ મહેંકને અન્યો સુધી પહોંચાડવા કમરકસો એવી મંગલકામના વ્યક્ત કરીએ છીએ. આપના આત્મસ્વરૂપ ને કોટિ કોટિ પ્રણામ.







**"મેરી મેરી કરતે દુની જાત હૈ ।"**

આત્મ પ્રેમી સાથીઓ ! અખંડ સુખ અને શાંતિ પ્રાપ્ત કરાવવાવાળા દિવ્ય પ્રેમના માર્ગ પર આપનું હાર્દિક સ્વાગત છે. મિથ્યા અહંકારનો નાશ થયા વિના હૃદયમાં પ્રિયતમ અક્ષરાતીત પ્રત્યે પ્રેમ પ્રગટ નથી શકતો. માન, હું પણું, મોટાઈ, અભિમાન, ગર્વ, ઘમંડ અને પ્રતિષ્ઠા એટલે કે ફોલ્સ ઈગો એ બધાં અહંકારનાં જ નામ છે જે મનુષ્યની આધ્યાત્મિક સાધના માટેના સૌથી મોટા દુશ્મન છે. સાચા બ્રહ્મજ્ઞાન રૂપી અમૃતનું રસપાન કરીને જ તેને સમજી શકાય છે. તેની હાજરી પ્રત્યે જાગૃત રહેવું અને તેને દૂર કરવા માટે બ્રહ્મજ્ઞાન જ જરૂરી છે. મિથ્યા અહંકાર નો નાશ થવાથી પ્રેમપૂર્ણ જીવનનું પ્રવેશદ્વાર ખૂલી શકે છે.

મનુષ્ય પોતાનું બાળપણ અને યુવાની લોભમાં વિતાવે છે અને ઘડપણ પોતાની સાંસારિક જવાબદારીઓના અહંકારમાં. અહંકાર હંમેશાં કાં તો ભૂતકાળની કાં તો ભવિષ્યની વાતો કરે છે. વર્તમાનની તો કોઈ વાત કરતો નથી. ''હું કરોડપતિ છું, મેં આમ કરી દીધું મેં તેમ કરી દીધું'' આવી વાતો કરીને અહંકાર વ્યક્તિને વારંવાર પોતાની ભૂતકાળની પ્રાપ્તિઓમાં લઈ જાય છે. બીજી બાજુ તેનો લોભ અને મોહ ભવિષ્યની વાતો કરતો રહે છે કે ''હું આમ કરીશ, તેમ કરીશ.''

આ રીતે લોભની પરિપૂર્ણતા જ અહંકારનું રૂપ ધારણ કરી લે છે. માનવને ક્ષણ ભરની પણ નવરાશ રહેતી નથી. અનંત સૃષ્ટિઓના પ્રેરક તથા સર્જક પ્રિયતમ પરમાત્માના ચરણોમાં સમર્પિત થવાની તો વાત જ ક્યાંથી હોય ? પોતાના ક્ષણિક અસ્તિત્વના ગર્વ(અભિમાન)માં તે અંતિમ શ્વાસ સુધી ભાગતો જ રહે છે, બસ ભાગતો જ રહે છે. તેને ખબર જ નથી પડતી કે જીવનનો અણમોલ અવસર ફોગટમાં કેવી રીતે ગુમાવી દીધો. મૃત્યુના અણધાર્યા આગમનથી મૂર્હત જોયા વિના તેની સ્મશાન યાત્રા ની શરૂઆત થઈ જાય છે.

સાથીઓ ! આ જગત એક એવો અદ્‌ભૂત, મોહક અને આકર્ષક તમાશો છે જેને જોઈને મનુષ્ય ભ્રમિત થઈ જાય છે જેથી તેને જીવનના અંતિમ શ્વાસ સુધી એટલી પણ ખબર નથી રહેતી કે - હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારા આત્માનો માલિક કોણ ? આ જગતમાં મારું આવવાનું પ્રયોજન (હેતુ) શું છે ?

મનુષ્યના અંતઃકરણમાં 'હું' અને 'મારા'નો અહંકાર તેની સ્વાર્થમય ઈન્દ્રિઓને કારણે જ હોય છે. આ 'હું પણાં'નો ભાવ જ તેની બેકાબૂ સાંસારિક ઈચ્છાઓનો જન્મદાતા તથા દુઃખ અને અશાંતિનું મૂળ છે.

ભ્રમની નિંદ્રામાં સૂતેલા માનવને જગાડવા માટે શ્રી પ્રાણનાથજી ફરમાન કરે છે.





**મેરી મેરી કરતે દુની જાત હૈ,**
**બોઝ બ્રહ્માંડ સિર લેવેં ।**
**પાવ પલક કા નહીં ભરોસા,**
**તો ભી સિર સરજન કો ન દેવેં ॥ (કિરંતન ૪/૨)**

"આ મારું છે, આ બધું મારા માટે છે" આવું કહેતો અને વિચારતો મનુષ્ય આખી દુનિયાનો ભાર પોતના માથે લઈ ભમતો-ફરતો રહે છે. બાળકો, કુટુંબ, ધન-દોલત, સૌંદર્ય, નામ અને કીર્તિનો મોહ તેને એટલો બધો ઘેરી લે છે કે તેને પૂર્ણ કરવા માટે તે ગમે તેટલાં કઠિનમાં પણ કઠિન દુઃખો સહેવા તૈયાર થઈ જાય છે. તેમાં જ પોતાનું સમગ્ર જીવન નકામું ગુમાવી દે છે. આંખના પલકારાના ચોથા ભાગ જેટલો જીવનનો ભરોસો નથી કે તેનો આગળનો શ્વાસ પણ તેને પ્રાપ્ત થશે કે કેમ ? છતાં પણ મોહ અને અજ્ઞાનવશ તે સર્જનહાર પ્રિયતમ પરમાત્માનું શરણું ગ્રહણ કરતો નથી.

## ● બહુરૂપીયો અહંકાર ●

સાથીયો ! અહંકાર એક એવો પડદો છે જેની હાજરીમાં આપણે આપણા પોતાના સાચા આત્મ સ્વરૂપને જોઈ શકતા નથી. આ કારણથી આપણા પ્રિયતમ પરમાત્માના દિવ્ય સ્વરૂપ અને પોતાના આત્માનાં અનંત સુખોથી વંચિત રહી જઈએ છીએ. આપણે આપણી જાતને શરીર, મન અથવા બાહ્ય જગતના સંદર્ભમાં જ સમજતા રહીએ છીએ અને તેમની સાથે જોડાઈ ને જ આપણી ખોટી ઓળખ



આપતા હોઈએ છીએ. આ રીતે આત્માનું શાશ્વત, સચ્ચિદાનંદ સ્વરૂપ વિસરાઈ જાય છે. પછી 'અહંકાર' અને 'મન' બંને સાથે મળી આત્મા ઉપર સવાર થઈ જાય છે. આપણે ભ્રમથી એવા દોરવાઈ જઈએ છીએ કે આત્માને જ ભૂલી જઈએ છીએ. ઊંડી વિસ્મૃતિ એટલે કે અજ્ઞાનતાના પ્રદેશમાં આપણે ચાલ્યા જઈએ છીએ.

આપણો અહંકાર એવો બહુરૂપી છે જે અનેક રૂપ ધારણ કરી આપણી સાથે જ રહેતો હોવા છતાં આપણે તેને ઓળખી શકતા નથી. આવી સ્થિતિમાં આપણા વિચાર, વચન અને કર્મમાં વિષમતા આવે છે. આંતરિક વિરોધ અને ઝઘડા(ટંટા ફિસાદ) પણ તેના કારણે જ થાય છે.


આથી ધર્મગ્રંથો ઉપદેશ આપે છે કે 'અખંડવસ્તુ'ની ઈચ્છા રાખવાવાળાઓએ અહંકાર, બેકાબૂ વિચારો અને ધનના સંગ્રહથી બચવું જોઈએ. કારણ કે આ ત્રણે આપણને અખંડ આનંદની પ્રાપ્તિ માટે અવરોધક બને છે.

સાથીયો ! અહંકાર બાહ્યદૃષ્ટિ અને બાહ્ય વસ્તુઓના આકર્ષણથી આવે છે. આપણા મનમાં જ દરરોજ પેદા થતા લગભગ ૬૦૦૦૦(સાઈઠ હજાર) વિચારો પણ અહીં-તહીં(બહાર)થી આવે છે.

સાથીઓ ! અહંકારનાં કરતૂતો આપણને









જાગૃત થયા વિના દેખાતાં નથી. આપણો અહંકાર જ સાંસારિક વસ્તુઓ તથા શારીરિક જરૂરિયાતો સાથે જોડાઈ 'મારા-તારા' નો ભાવ પેદા કરે છે. મિથ્યા અહંકાર જ પોતાને બીજાઓથી સારા અથવા શ્રેષ્ઠ દેખાવાનો પ્રયત્ન કરે છે અને જીવન વ્યવહારમાં દરેક પ્રકારનો આડંબર કરતો રહે છે. અહંકાર જ હંમેશાં બીજાઓની ભૂલો બતાવે છે અને સારા પણા ને જોઈ શકતો નથી. આત્મ જાગૃત્તિની વાતો પર ધ્યાન ન આપીને બીજાઓ સાથે હંમેશાં ઝઘડા કરવા માટે તૈયાર રહેતો એ આપણો અહંકાર જ છે.


આપણો અહંકાર જ આપણને બતાવે છે કે ખટપટ કર્યા વિના જીવનની જરૂરિયાતો પૂર્ણ થઈ શકતી નથી. તે આપણને ભવિષ્યની ચિંતાઓમાં જ ડૂબાડી રાખે છે. આપણને વર્તમાનમાં રહેવા દેતો નથી. પોતાની પ્રસંશાનાં પુષ્પો તેને સુખદાયક અને કટુવચનો દુઃખદાયક લાગે છે. જ્ઞાનના પ્રચાર પ્રસારમાં પણ બીજાઓની નિંદા અને પોતાની મોટાઈ બતાવવાળો અહંકાર જ છે.

'એકલપણું' અને બધાંથી જુદા પડી જવાના દુઃખથી આપણો અહંકાર જ આપણને વ્યથિત કરે છે. આપણને એવી માન્યતા બેસાડી દે છે કે સુખના માટે બાહ્ય આધારો અને સમર્પણ જરૂરી છે. પોતાનું પ્રભુત્વ ગુમાવી દેવાનું એટલે કે પોતાની

નિર્બળતાઓ બીજા જાણી ન જાય એટલા માટે તે ડરતો રહે છે. બીજા કહે છે માટે મારે દાન, સેવા, સત્સંગ અને પ્રણામ વિગેરે કરવા જોઈએ અથવા સમાજમાં મારી આબરું વધે માટે મારે કરવું જોઈએ એ આપણા અહંકારને કારણે જ છે.

સાથીઓ ! હવે આપણે અહંકારનાં વિવિધ રૂપો, અહંકારનો પ્રભાવ તેને દૂર કરવાના ઉપાય પર પ્રકાશ પાથરવાવાળી (તારતમ વાણીમાં વર્ણવેલ) મોતીરૂપ ચોપાઈઓનું આત્મ મંથન કરીશું. એના દ્વારા તમે જાણી શકશો કે આ સંસારમાં ઘરસંસારી, સાધુ, સંસ્થાઓ બધાં જ અહંકાર થી જકડાયેલાં છે. આત્માને ઝંકૃત કરવાવાળી આ ચોપાઈઓને પ્રાર્થનામય બની વાંચી, વિચારી, સમજી પછી આચરણમાં લાવવાનો પ્રયત્ન કરતા રહો. આશા છે કે આ પુષ્પોની સુગંધથી આપનું જીવન નિજાનંદની અખંડ સંપત્તિથી ભરાઈ જશે.

**● મોટાઈની ઈચ્છાવાળા અભાગી છે. ●**



**ઈન માયા મેં કોઈ બુજરકી,**
**છૂટ ખુદા જો લેવે ।**
**સો તેહેકીક આપે અપના,**
**પાયા ફલસો ભી ખોવે ॥ (કિરંતન ૧૦૨/૫)**

સાથીઓ ! આ સંસારમાં માન-મોટાઈની ભાવના એટલે કે હું જ મહાન છું તે સર્વનાશ નું કારણ છે. જે કોઈએ માન-મોટાઈ નો થોડો પણ ભાવ દિલમાં ઉભો કર્યો હોય તેનો ઉધ્ધાર કોઈ પણ



કરી શકતું નથી. આ નાશવંત માયાવી સંસારમાં પરમાત્મા સિવાય અગર કોઈ પ્રતિષ્ઠા અથવા મોટાઈ ઈચ્છે છે તો તે ચોક્કસ તેણે પ્રાપ્ત કરેલું ફળ(પરમેશ્વરનીકૃપા) પોતાનું અમૂલ્ય જીવન પોતાના હાથે જ ખોઈ બેસે છે.

**ખોવે જોશ બંદગી ખોવે,**
**ઔર સાહેબ કી દોસ્તી ।**
**બિના ઈશ્ક જો બુજરકી,**
**સો સબ આગ જાનો તેતી ॥ (કિરંતન ૧૦૨/૬)**

"સંસારમાં પ્રતિષ્ઠા (મોટાઈ) ઈચ્છતી અભાગી વ્યક્તિ સાધનાથી પ્રાપ્ત કરેલ સિધ્ધિઓ, પ્રિયતમ પરમાત્માથી મેળવેલ બળ(જોશ) અને ધામધણીનો પ્રેમ પણ ગુમાવી દે છે. પ્રિયતમના પ્રેમ વગરની મોટાઈ નિશ્ચિત રૂપે નરકનાં દુઃખો સમાન છે."

**જો કોઈ મારે ઈન દુશ્મન કો,**
**કરે સબ દુનિયાં કો આસાન ।**
**પોહોંચાવે સબોં ચરન ધની કે,**
**તો ભી લેના ના તિન ગુમાન ॥**
**(કિરંતન ૧૦૨/૧૧)**



"જે કોઈ આ અહંકારરૂપી શત્રુનો નાશ કરે છે તે આખી દુનિયાને પોતાને અનુકૂળ બનાવી લે છે. જો કોઈ જ્ઞાની બધા લોકોને પરબ્રહ્મના ચરણો સુધી પહોંચાડી દે તો પણ તેણે પોતાના મનમાં મોટાઈનું અભિમાન આવવા દેવું જોઈએ નહીં."

**● પ્રતિષ્ઠાની ભાવનાને જૂતાથી ઠોકર મારો ●**

**જો તું ચાહે પ્રતિષ્ઠા,**
**ધરાએ બૈરાગી નામ ।**
**સાધ જાને તાકોં દુનિયા,**
**વહ તો સાધોં કરી હરામ ॥ (કિરંતન ૧૦૩/૧)**

"હે સાધુ જનો ! જો તમે વૈરાગી થઈને પણ માન-સન્માનની અપેક્ષા રાખો છો તો તમે ભ્રમમાં છો. સંસારના લોકો બાહ્ય વેશભૂષાથી તો તમને સાધુ માની લેશે પરંતુ ખરેખર તો તમારી વાસ્તવવિકતા કંઈક જુદી જ છે. સાચો સાધુ તે છે જેણે પ્રતિષ્ઠાનો મોહ તુચ્છ સમજીને છોડી દીધો છે."

**માર પ્રતિષ્ઠા પૈજારોં,**
**જો આએ દગા દેત બીચ ધ્યાન ।**
**એ હી સરુપ દજ્જાલકો,**
**ઉડાએ દે ઈનેં પેહેચાન ॥ (કિરંતન ૧૦૩/૨)**

"આવી માન-પ્રતિષ્ઠાને જૂતાં મારીને ભગાડી દે જે તારા ધ્યાન તથા ચિંતનમાં અને પ્રિયતમને ઓળખવામાં અવરોધરૂપ બને છે. પ્રતિષ્ઠાની ભાવના એ માયાનું જ રૂપ છે. તેને ઓળખની હંમેશ માટે મનમાંથી બહાર ફેંકી દે."

**● ધર્મોમાં બાહ્ય આડંબરનું મૂળ અહંકાર છે. ●**

**અસ્નાન કરી છાપા તિલક દેઓ,**
**કંઠ આરોપો તુલસી માલ ।**
**ગિનાની કહાવે સાધ મંડળી,**
**પણ ચાલો છો કેહી ચાલ ॥ (કિરતંન ૧૨૮/૧૨)**





"હે સાધુજનો ! તમે વારંવાર સ્નાન કરીને પવિત્ર કહેવડાવો છો. કપાળમાં તિલક(ચાંલ્લા) લગાવી બાહ્ય દેખાવ કરો છો. ગળામાં તુલસીની માળા પહેરી પોતાને વૈષ્ણવ કહેવડાવો છો. જ્ઞાન-ચર્ચા કરીને સાધુઓની મંડળીમાં જ્ઞાની કહેડાવો છો. પરંતુ તમારું આચરણ શું તમારા મુખથી બોલાયેલા જ્ઞાન-વચનો અને તમારા પહેરવેશને અનુરૂપ છે ખરું ! જરા વિચારો."

**લોકલાજ મરજાદા છોડી,**
**તબ જ્ઞાન પદવી પાઈ ।**
**એક આગ જ્યોં છોટી બુઝાઈ,**
**ત્યોં દૂજી મોટી લગાઈ ॥(કિરંતન ૫/૪)**

"સાધુજનો ! આપે નશ્વર સંસારની જૂઠી લોક-લાજ, સામાજિક મર્યાદાઓ છોડી દીધી. પરિણામ સ્વરૂપે આપે સાધુ તથા જ્ઞાની ની પદવી પ્રાપ્ત કરી લીધી. આથી આપે વિતેષણા-દારેષણા (ધન તથા પત્નીનો મોહ)ની નાની આગ બુઝાવી પરંતુ માન-પ્રતિષ્ઠાની એક બીજી મોટી આગ પોતાના હૃદયમાં પ્રજ્જ્વલિત કરી દીધી. શું આ વૈરાગ્ય છે.?"

**અબ છોડો રે માન ગુમાન ગ્યાનકો,**
**એહી ખાડ બડી ભાઈ ।**
**એક ડારી ત્યોં દુજી ભી ડારો,**
**જલાએ દેખો ચતુરાઈ ॥ (કિરંતન ૫/૬)**

'હે ધર્મના માર્ગ પર ચાલવાવાળાઓ ! પ્રતિષ્ઠાનો મોહ અને જ્ઞાનનો અહંકાર આ સમયે



છોડી દો. પરમાત્મા પ્રાપ્તિના માર્ગમાં આ સૌથી મોટી ઊંડી ખાઈ(મોટા અવરોધ) છે. જેવી રીતે તમે ધન-કુટુંબનું પ્રથમ પ્રકારનું બંધન તોડી દીધું તેવી રીતે માન-પ્રતિષ્ઠાની ઈચ્છા (લોકેષણા)નો પણ ત્યાગ કરી દો. ધામધણીને પ્રાપ્ત કરવા છે તો ચતુરાઈ(પંડિતાઈના અહંકાર)ને બાળી મૂકો."


**દેહૂ રે મસીત અપાસરે,**
**સબ લગે માહેં રોજગાર ।**
**બાહેર દેખાવેં બંદગી,**
**માહેં માયા મોહ અહંકાર ॥ (કિરંતન ૩૦-૭)**

"બધાં ધાર્મિક સ્થાનો (મંદિર, મસ્જિદ, દેરાસર) આર્થિક પ્રાપ્તિ માં વ્યસ્ત છે. બહારથી તો બધાં મોટે મોટેથી વ્યક્તિત્વભાવનું પ્રદર્શન કરે છે પરંતુ બધે જ માયા, મોહ અને અહંકારનો અગ્નિ સળગી રહ્યો છે."

**● 'હું પણા'ના મોતનો શરબત પીઓ અને પરબ્રહ્મને હૃદયમાં બેસાડો. ●**

**ઐસે ખેલ અનેક એક ખિનમેં,**
**કરે અગ્યાએં કરતાર ।**
**સો કરતાર ઠૌર ક્યોં પાઈએ,**
**જો લોં ઉડે ન માયા મોહ અહંકાર ॥**
**(કિરંતન ૩૦/૧૪)**

"હે સત્યના શોધકો ! પરમાત્મા પોતાની ઈચ્છાથી (આજ્ઞાથી) માત્ર એક ક્ષણમાં આવાં અનેક બ્રહ્માંડો (ખેલ) બનાવે છે અને નાશ કરે છે. જ્યાં સુધી તમારો માયા, મોહ અને અહંકાર નષ્ટ નથી






થતો ત્યાં સુધી બ્રહ્મના અખંડ ધામની ઓળખ કેવી રીતે થઈ શકે ? (એટલે કે નથી થઈ શકતી)."

**પહેલે પી તૂં શરબત મોતકા,**
**કર તહેકીક મુકરર ।**
**એક જરા જિન શક રખે,**
**પીછે રહો જીવત યા મર ॥ (ખિલવત ૨/૩૧)**

"હે આત્મા ! સૌથી પહેલાં તૂં તારા મિથ્યા શરીરના 'હું પણા" ને પૂર્ણ રીતે સમાપ્ત કરી દે. અહંકાર ના મોતના શરબતને તૂ પીલે અને એ નક્કી કરી લે કે હર ક્ષણે ધણી તારી સાથે છે. પ્રિયતમ ધણીની અંગના હોવાનો લેશ માત્ર પણ સંશય ન રાખ. આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ થવાથી સાંસારિક મોહમાંથી તું મુક્ત થઈ જઈશ પછી તમારે માટે જીવતા રહેવું કે મરેલા રહેવું બંન્ને સમાન થઈ જશે."

**મહામત હોસી સબ જાહેર,**
**મિલે અક્ષરાતીત ભરતાર ।**
**બૈરાટ હોસી નેહેચલ,**
**ઉડ્યો માયા મોહ અહંકાર ॥(કિરંતન ૩૦/૧૫)**

"પ્રિયતમ પરબ્રહ્મની પાંચ દિવ્ય શક્તિઓથી વિભૂષિત મહામતિજી કહે છે હવે આપણને પ્રિયતમ અક્ષરાતીત મળી ગયા છે. એટલે બધાં ગૂઢ રહસ્યો સંસારમાં જાહેર થઈ જશે. હવે બ્રહ્મજ્ઞાનના પ્રકાશમાં બધાંના દિલમાં રહેલ મોહ, માયા અને અહંકાર સમાપ્ત થઈ જવાથી સમસ્ત બ્રહ્માંડ અખંડસુખ(મોક્ષ) પ્રાપ્ત કરશે."



## ● અહંકાર નષ્ટ કરવાની એક માત્ર દવા તારતમ જ્ઞાન ●

સાથીઓ ! તારતમ જ્ઞાન કહે છે કે આપણે બધાં એક જ સચ્ચિદાનંદ પ્રિયતમ પરબ્રહ્મની આનંદ અંગ રુપી આત્માઓ છીએ. જો તે આપણા ધણી છે તો આપણે તેમની આત્મ-અંગનાઓ. પરમધામ આપણું નિજ-ઘર છે. પરંતુ સંસારના ખેલમાં આવીને આપણે 'સ્વ'ને ભૂલી જઈને આપણી આત્મા પોતાના બાહ્ય સ્વરૂપ(સેલ્ફ ઈમેજ)ને જ સર્વસ્વ માનવા લાગી છે. આત્મ સ્વરૂપની ઓળખ જ અહંકાર રૂપી રોગને મટાડવાની ચાવી છે.

**એ બાની મૈં મારેચ કી,**
**સુની હોય મોમિન ।**
**દુની તરફ કી જીવતી,**
**કબહૂં ન રહેવે ઈન ।। (ખિલવત ૫/૩૧)**

''બ્રહ્માત્માઓ ! આ તારતમ બ્રહ્મવાણી 'હું પણા' (શરીરના અહંકાર)ના ભાવને નાશ કરવાવાળી છે. જો તમે તેને ધ્યાન થી સાંભળી તેનો અમલ કરશો તો સાંસારિક આશા-તૃષ્ણાઓ તમને ક્યારેય પણ સ્પર્શી શકશે નહીં.''

**કેહેત કેહેલાવત તુમ હી,**
**કરત કરાવત તુમ ।**
**હુઆ હૈ હોસી તુમસે,**
**એ ફલ ખુદાઈ ઈલમ ।। (ખિલવત ૩/૧૩)**

હે ધણી ! આપે આપેલ 'ખુદાઈ-ઈલમ' (તારતમ-જ્ઞાન) ની ફલશ્રુતિ એ જ છે કે કહેનાર કે



કહેવડાવનાર, કરનાર કે કરાવનાર એક માત્ર તમે જ છો. જે કંઈપણ બન્યું છે, બને છે અને બનશે એ તમામ આપના આદેશ અનુસાર જ છે. મારું પોતાનું કોઈ અલગ અસ્તિત્વ છે જ નહીં. - બસ 'તુમ હી તુમ છો.' (રાજજીનો હુકમ જ બધું કરાવે છે આજ ધણી ની મૈં ખુદી છે.)

**એહી મૈં હૈ હુકમ,**
**એહી મૈં નૂર જોસ ।**
**એહી મૈં ઈલમ હક્કા,**
**એહી મૈં હક કરે બે હોસ ।।(ખિલવત ૩/૧૭)**

સાથીયો ! પ્રિયતમ ધણીની 'મૈં' નો મહિમા જુઓ. તે સ્વયં પ્રિયતમજી નું જ સ્વરૂપ છે. જે હુકમના રૂપ માં બધું કામ કરે છે. નૂરી જોશ પણ રાજજી ની મૈં છે. તારતમ જ્ઞાન પણ રાજજીનું સ્વરૂપ છે. રાજજીની 'મૈં'(બ્રહ્મ સત્તા-હુકમ)એ જ આપણા ઉપર ફરામોશી(બેસુધી)નું આવરણ લગાવ્યું છે.

સાથીઓ ! જાગૃત આત્મા અહંકાર અથવા 'હું પણા' ના ભાવથી મુક્ત થઈ ગયેલી હોય છે. આથી ક્યારેય પણ પોતાની પ્રતિષ્ઠા ને આદર્શ બનાવવાનો પ્રયત્ન કરતી નથી. સદાય સરળ, સહજ અને નિર્દોષ રહે છે. તેની લીલા સાહજિક, કારણ રહિત અને ઈચ્છા રહિત હોય છે. પ્રિયતમ પરમેશ્વરની કૃપા અને સદગુરૂની સહાયથી જ્ઞાનના વિષયમાં તે બેશક બની ગઈ હોય છે. તેના મન, વચન અને કર્મમાં એકરૂપતા હોય છે.

જાગૃત આત્માની કથની, રહેણી અને આત્મિક દશા પ્રિયતમ પરમાત્માની ઈચ્છાને અનુકુળ હોય છે. તે હંમેશાં પોતાના પ્રિયતમની યાદમાં ઝૂરતી હોય છે. સર્વસ્વ સમર્પણ અને કર્તવ્ય નિષ્ઠાની ભાવનામાં સ્થિર રહે છે. નિર્મલ હૃદયથી પોતાની ભૂલો માટે પ્રશ્ચાતાપ કરતી રહી પ્રેમ-સેવામાં સમર્પિત રહે છે. ધણીની ઈચ્છાને જાણી લઈને તેમનો આદેશ માનીને વ્યવહાર ચલાવતી હોય છે. આ બધાં લક્ષણ આપણી અંદર ''પ્રિયતમ ધણીના બ્રહ્મસત્તાના હુકમ''ના પ્રવેશની અને મિથ્યા ''હું પણા''ના સમાપ્તિની નિશાનીઓ છે.

**● <u>અહંકારને પરમાર્થની તરફ દોરવો એ આપણી આત્મ જાગૃતિ પર નિર્ભર છે.</u> ●**

સાથીઓ ! એ સત્ય છે કે અહંકાર તો દુનિયા (સંસાર) ને નિરખવાનાં આપણાં ચશ્માં છે. આપણી કૂતુહલતા અને સજાગતાની તે ચાવી છે, જે આપણી સામે આવેલા વિકલ્પોને પસંદ કરવામાં મદદ કરે છે.અહંકારનાં આ ચશ્માં નો ઉપયોગ જીવનમાં ક્યાં અને કેવી રીતે કરવો તે આપણી આત્મ જાગૃત્તિ ઉપર આધાર રાખે છે. આથી જો આપણે આપણા આત્મસ્વરૂપને જાણી લઈએ તો અહંકાર આપણા માટે પરમ કલ્યાણકારી બની રહે છે. આપણી આધ્યાત્મિક યાત્રામાં અને લોક સમુદાયની સેવા કરવામાં ઉપયોગી થાય છે. એટલા



માટે તારતમ વાણી મિથ્યા અહંકારને ધામનાં દર્શન માટે પ્રેરિત કરીને અથવા પરમાર્થ તરફ જવા માટેની પ્રયુક્તિ બતાવે છે.

**સોઈ લોભ સોઈ લાલચ,**
**સોઈ અપનો અહંકાર ।**
**સોઈ કામ પ્રેમ કરતબ,**
**સોઈ અપના બેહેવાર ॥ (કિરંતન ૮૨/૨૦)**

''સાથીઓ ! મિથ્યા 'હું પણા' નો નાશ થવાથી હવે પ્રેમનું સ્વરૂપ રચાઈ ગયું છે. હવે જો લોભ કરવો હોય તો પ્રિયતમથી અધિક થી અધિક આનંદ પ્રાપ્ત કરવા માટેના કરો. લાલચ પણ તેમને વારંવાર મળવા માટેની કરો. અહંકાર પણ પ્રાણ-પ્રિયતમની અંગના હોવાનો કરો. હવે આજ આપણું કામ અને કર્તવ્ય રહ્યું છે. આજ પ્રેમની સાચી રીત અને સાચો વ્યવહાર છે.

**● પ્રેમની ગેરહાજરીનું બીજું નામ છે અહંકાર.●**



સાથીઓ ! અહંકાર અજ્ઞાનથી અને પ્રેમ જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. જો જ્ઞાન ની ગેરહાજરીનું બીજું નામ અજ્ઞાન છે તો પ્રેમની ગેરહાજરીનું બીજું નામ અહંકાર છે. જ્યારે અહંકાર કહે કે ''હું છું'' તો પ્રેમ કહે છે. 'હું' કંઈ જ નથી. - હું છું જ નહીં. એટલા માટે કહેવામાં આવ્યું છે - પ્રેમની ગલી એટલી સાંકડી છે કે તેમાં અહંકાર (હું પણું) અને પરબ્રહ્મ બંને એકીસાથે રહી શકતાં નથી.

અંગ્રેજીમાં અહંકારને 'ઈગો(Ego)' કહે છે. ઈગો નો અર્થ થાય છે - એ જીંગ ગોડ આઉટ(Edging god out) એટલે કે અહંકાર આવ્યો પરમાત્મા ગૂમ ! આ વાતને શ્રી પ્રાણનાથજી એ ખૂબ જ સુંદર રીતે સમજાવી છે.

**મારા કહ્યા કાઢા કહ્યા,**
**ઔર કહ્યા હો જુદા ।**
**એહી મૈં ખુદી ટલે,**
**તબ બાકી રહ્યા ખુદા ॥ (ખિલવત ૨/૩૦)**

પોતાના અંર્તમનથી ભૂલથી પણ એ ભાવ ન નિકળે કે મુખથી એક શબ્દ પણ એવો ન નિકળે કે મેં મારો અહમભાવ કાઢી નાંખ્યો છે, તેને જડમૂળથી નષ્ટ કરી દીધો છે અથવા હંમેશને માટે પોતાનાથી જુદો કરી દીધો છે. જો આવો કિંચિત માત્ર પણ ભાવ જ્યારે દિલમાં ન આવે, ત્યારે જાણવું કે હું પણા નું મૃત્યુ થયું છે. પોતાનું અલગ અસ્તિત્વ હોવાના ભાવના અભાવમાં ફક્ત એક પરમાત્મા જ બાકી રહે છે. અહીં શ્રી પ્રાણનાથજી પોતાનું 'હું પણું' (મૈં) સમાપ્ત કરવાની યુક્તિ બતાવે છે.

**જીવતે મારિએ આપકો,**
**શબ્દ પુકારત હક ।**
**જો જીવતે ન મરેંગે મોમિન,**
**તો ક્યા મરેંગે મુનાફક ॥**
**(ક્યા. નામા છો. ૧/૧૦૮)**

સાથીઓ ! પ્રિયતમની વાણી પોકારી પોકારીને કહી રહી છે કે તમે આ નશ્વર શરીરમાં






જીવંત રહેવા હોવા છતાં પોતાના અહંકારમય સંપૂર્ણ અસ્તિત્વને સમાપ્ત કરી દો. ધણીના ચરણોમાં સમર્પિત થઈ જાઓ. જો નશ્વર શરીરમાં રહેલા બ્રહ્માત્માઓ આવું ન કરી શકે તો શું સંસારના શ્રધ્ધા રહિત લોકો આવું કરી શકશે ?

## ● જ્ઞાન અને ચતુરાઈના અહંકારથી હંમેશાં સાવચેત રહો. ●

સાથીઓ ! જ્ઞાનનો ઉદ્દેશ પ્રેમ છે. જો જ્ઞાનમાં અહંકાર દૃષ્ટિગોચર થાય છે તો સમજવું કે હજુ જ્ઞાન થયું જ નથી. નીચે જણાવેલ ચોપાઈઓમાં જ્ઞાનથી જાગૃત થયેલ આત્માઓના વિચારો પ્રતિબિંબિત થાય છે. નિયમિત રીતે પોતાની સાથે અને પોતાના ધણી (પ્રિયતમ)સાથે આ પ્રકારનો વાર્તાલાપ કરતા રહેવાથી જ અહંકાર નિર્મૂળ થઈ શકે છે.

**ઈલમ ચાતુરી ખૂબી અંગકી,**
**મોહે એહી પટ લિખ્યા અંકૂર ।**
**એહી ન દેવે દેખને,**
**મેરે દુલ્હે કે મુખ કા નૂર ॥(કિરંતન ૬૨/૪)**

સાથીઓ ! ચતુરાઈ પૂર્વક જ્ઞાનની વાતો (પ્રવચન) કરવી એ શારીરિક વિશેષતા છે. ચતુરાઈ પૂર્વક જ્ઞાનની અભિવ્યક્તિ જ મારા અને ધામણી વચ્ચેનો પડદો છે. એટલે કે મને તેમના મુખારવિંદના નૂર(પ્રકાશ)નું દર્શન કરવા દેતો નથી.



**મોકો માર છુડાઈ બંદગી,**
**સો ભી બુજરકી ઈન ।**
**ઐસી દુશ્મન એ બુજરકી,**
**મૈં દેખી ન એતે દિન ॥(કિરંતન ૧૦૨/૯)**

હે ધણી ! હું અંતઃ નિરીક્ષણ (આંતરદર્શન) કરું છું તો એ વાત સ્પષ્ટ રીતે સમજાય છે કે પ્રતિષ્ઠા અને જૂઠા સન્માનમાં રત હોવાને કારણે હું પ્રેમ અને ચિતવની ના માર્ગથી ભટકી ગઈ(માન, પ્રતિષ્ઠાએ મને બંદગી થી દૂર કરી દીધો.) મેં આજ સુધી માન-પ્રતિષ્ઠા જેવો મોટો દુશ્મન જોયો નથી.

**● પ્રાણ પ્રિતમ પાસે માંગવું છે તો પ્રેમ માંગો, ખુદાઈ ખિતાબ(પ્રતિષ્ઠા) નહીં. ●**

સાથીઓ ! દિવ્ય પ્રેમની પ્રાપ્તિ જ આત્માનું સર્વોત્તમ લક્ષ્ય(ધ્યેય) છે. માન પ્રતિષ્ઠા નહીં. પ્રેમથી આત્મા પોતાના પ્રાણ પ્રિતમ પરબ્રહ્મ સાથે એકરૂપ થાય છે. તે અનન્ય પ્રેમ નવધા પ્રકારની ભક્તિથી પણ શ્રેષ્ઠ છે. જેવી રીતે વ્રજમંડલ (વ્રજભૂમિ) ની ગોપીઓએ લોક-વેદ મર્યાદાઓને તોડીને શ્રી કૃષ્ણ સાથે પ્રેમ કર્યો હતો. આથી પ્રત્યેક આત્મ-શોધકે પોતાના પ્રિયતમ પરબ્રહ્મ પાસે ફક્ત પ્રેમ(ઈશ્ક) જ માંગવો જોઈએ. હંમેશાં બે વાતનું ધ્યાન રાખો કે જ્ઞાનની ચતુરાઈ અને તેનાથી પ્રાપ્ત થનારી મોટાઈ સાધનામાં વિઘ્નરૂપ બને છે. સાચું જ્ઞાન તો ફક્ત પ્રેમની જ ઈચ્છા રાખે છે, માન પ્રતિષ્ઠાની નહીં.





**હક ઈલમ કે જો આરિફ,**
**મુખ નૂરજમાલ ખૂબી ચાહેં ।**
**ચાહેં ચાહેં ફેર ચાહેં,**
**દેખ દેખ ઉડાવે અરવાહે ॥ (સિનગાર ૨૦/૧)**


બ્રહ્મજ્ઞાનના જે સાચા જ્ઞાતા(જ્ઞાની) હોય છે તેઓ પ્રિયતમ પરબ્રહ્મના નૂરી(તેજોમય) મુખારવિંદની શોભાને ફરી ફરી નિરખવા ચાહે છે અને તેને દેખી દેખીને તેમાં પોતાને કુર્બાન કરી દે છે. (પોતાની જાતને ડૂબાડી દે છે.)

**માંગત હોં મેરે દુલ્હા,**
**મન કર કરમ વચન ।**
**એ જિન તુમ ખાલી કરો,**
**મૈં અર્જ કરું દુલ્હિન ॥(કિરંતન ૬૨/૧)**

હે મારા પ્રાણઆધાર ધામધણી ! હું આપની અંગના મન, વચન અને કર્મથી આપનાં શ્રી ચરણમાં વિનયપૂર્વક એક જ પ્રાર્થના કરું છું કે આપ મને આપના પ્રેમથી ક્યારેયપણ વંચિત ન કરશો. આપનાં પવિત્ર ચરણો પ્રત્યે મારા દિલમાં હંમેશાં અનન્ય પ્રેમ બની રહેં.

**મેરે ધણી તુમારી સાહેબી,**
**તુમ અપની રાખો આપ ।**
**ઈશ્ક દીજે મોહે અપનો,**
**મૈં તાસોં કરુ મિલાપ ॥(કિરંતન ૬૨/૨)**

"મારા ધણી ! આ માયાવી ખેલમાં આપે જે આપની સાહેબી (સત્તા, સ્વામિત્વ) અને બડાઈ(માન-પ્રતિષ્ઠા) મને આપી છે તે આપની



પાસે રાખો. મને તો ફક્ત આપનો પ્રેમ(ઈશ્ક) આપો, જેથી હું આપની સાથે પ્રત્યક્ષ મિલાપ કરી શકું.''

**ના ચાહો મૈં બુજરકી,**
**ના ચાહોં ખિતાબ ખુદાઈ ।**
**ઈશ્ક દિજે મોહે આપનો,**
**મોહેં ચાહીસો મુદાઈ ॥(કિરંતન ૬૨/૩)**

હે મારા પ્રાણ પ્રિતમ ! હું કોઈ પણ પ્રકારની પ્રતિષ્ઠા ઈચ્છતી નથી. અને કોઈ માન-મરતબો પણ ચાહતી નથી. મને તો ફક્ત આપનો પ્રેમ જ જોઈએ. તેના ઉપર જ મારી તમામ બાબતો (ધ્યાન-ચિતવની) નિર્ભર છે.

**જિન દયાએ પરદા ઉંડાઈયા,**
**મૈં ફેર ફેર માંગો સો મેહેર ।**
**ઈશ્ક દીજે મોહે અપના,**
**જાસોં લગે બુજરકી જેહેર ॥(કીરંતન ૬૨/૧૩)**

હે ધામધની ! આપની જે મેહર(પ્યાર)થી મારો અજ્ઞાનનો પડદો દૂર થયો છે તે મેહરને હું આપણી પાસે વારંવાર માગુ છું. ધણી મને આપનો પ્યાર(ઈશ્ક) આપો. જેથી મને આ મોટાઈ(માન-પ્રતિષ્ઠા) ઝેર જેવી લાગે.

પ્રેમની ગેરહાજરીનું બીજું નામ છે અહંકાર. અહંકાર અજ્ઞાનથી અને પ્રેમ જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. પરમાત્માના ધ્યાન તથા દર્શનમાં અવરોધરૂપ જ્ઞાન અને ચતુરાઈના અહંકારથી હંમેશાં સાવધ





રહો.

**●અહંકારનું સૂક્ષ્મતમ સ્વરૂપ છે પ્રિયતમ ધણીના ઉપકારોને ભૂલી જવા.●**

**મૈં મૈં કરત મરત નહીં,**
**ઔર હક કો લગાવે દોષ ॥**
**અબ મેહર હક ઐસી કરો,**
**જો ઈન મૈંયે હોઉં બેહોશ ॥(ખિલવત ૨/૨૨)**

''સાથીઓ ! સૌથી મોટી બડાઈ-અહંની ભાવના એ છે કે આપણે(આત્માઓ) પોતાના પ્રાણ પ્રિતમ પરમાત્માના ઉપકારોને ભૂલી જઈને પોતાનાં દુઃખો માટે તેમને દોષી ઠરાવીએ. હવે હે પ્રિયતમ શ્રી રાજ ! આપ એવી કૃપા કરો કે આ 'હું પણા'-અહંભાવ થી હું વિમુક્ત થઈ જાઉં.

**ઉપજે ઉપજાવે સબ હક,**
**હક દેવેં દિલાવેં ।**
**મૈં જો કરત ગુન્હે ગારી,**
**સો બીચ કાહેકો આવે ॥(ખિલવત ૨/૧૯)**

''આપણા હૃદયમાં જે કાંઈ ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે તેને ઉત્પન્ન કરવાવાળા અને તેને પૂર્ણ કરવાવાળા પ્રિયતમ પરમાત્મા જ છે. તેમની કૃપા ઉપર શંકા પેદા કરી (તેમને દોષિતગણી) હું ગુનેગાર બનું છું. ખબર નથી પડતી કે મારા અને પ્રિયતમના અખંડ સંબંધો વચ્ચે આવો ભાવ ક્યાંથી આવી જાય છે ?''



**હકેં પોહોંચાઈ ઈન મજલેં,**
**ઔર દોષ હક કો દેવત ।**
**એહી મૈં મારી ચાહીએ,**
**જો બીચ કરે હરકત ॥ (ખિલવત ૨/૨૦)**

જે પરમાત્માએ મને તારતમજ્ઞાન દ્વારા જાગૃત કરી અને આ આધ્યાત્મિક સ્થિતિએ પહોંચાડી અને હું આપોઆપ મારા પર-આતમ સ્વરૂપને જોવા લાગી છતાં પણ હું તેમને દોષ આપું છું. આવો દુષ્ટ પ્રકારનો વિચાર મનમાં આવવો એ પણ એક પ્રકારનો અહંભાવ જ છે. સાથીઓ હવે દૃઢ નિશ્ચય કરો કે આ ખૂબ જ સૂક્ષ્મ પ્રકારના અહંભાવ ને હવે મારે સમાપ્ત કરી દેવો છે. જે મને મારા પ્રિયતમ ના મિલનમાં અવરોપ રૂપ બને છે.

**● પ્રિયતમ પરમાત્મા સાથે દોસ્તી અને પ્યાર નિભાવવાની મહત્ત્વપૂર્ણ પ્રયુક્તિઓ ●**

**અબ જો ઘડી રહો સાથમેં,**
**હોય રહિઓ તુમ રેણુ સમાન ।**
**ઈત જાગે કો ફલ એહી હૈ,**
**કોઈ ચેત લીજો ચતુર સુજાન ॥(કિરંતન ૮૯/૧૧)**

હવે જેટલી પણ ક્ષણો આ જાગણીના બ્રહ્માંડમાં પોતાના આત્મ સંબંધી સાથીઓ સાથે વિતાવવાની છે તેટલી તેમની ચરણરજ બનીને રહો. આ પ્રકારની વિનમ્રતા જ સંસારના ખેલમાં જાગણી નું પરિણામ છે. જો કોઈ ચતુર અને જ્ઞાનવાન છે તો તેણે મારી આ વાત સાંભળી સાવચેત થઈ જવું જોઈએ. પ્રિયતમ પરમાત્માનો



પ્યાર અને સન્માન જોઈતું હોય તો સદાય વિનમ્રતાનો ભાવ રાખો.

**જ્યાં જ્યાં ગરીબી લીજે સાથમેં,**
**ત્યાં ત્યાં ધણી કો પાઈએ માન ।**
**ઈત દોઈ દિન કા લાભ જો લેના,**
**એહી વચન જાનો પરવાન ॥(કિરંતન ૮૯/૧૨)**

આત્મ પ્રેમી સંબંધીઓના મૈત્રી પૂર્વક સમુદાયમાં જેટલો અધિક નમ્રતાપૂર્વક(અહંકાર રહિત) વ્યવહાર કરીશું એટલા જ પ્રિયતમ ધામધણીના લાડ-પ્યાર તથા સન્માનને પાત્ર બનીશું. નશ્વર જગતમાં ક્ષણિક તો જીવન રહ્યું છે. તેમાં લાભ લેવાની એક જ વસ્તુ બચી છે અને તે છે ચરણરજ બનીને સુંદરસાથની સેવા કરવાની. આ વાતને સો ટકા સાચી માનજો.

**મહામત કહે ઈમાન ઈશ્ક કી,**
**શુક્ર ગરીબી સબર ।**
**ઈન વિધ રુહેં દોસ્તી ધનીકી,**
**પ્યાર કર સકેં ત્યાં કર ॥ (કિરંતન ૧૦૨/૧૨)**

પ્રિયતમ પ્રાણનાથની પાંચ દિવ્ય શક્તિઓથી વિભૂષિત શ્રી મહામતિજી આપણને બોધ આપે છે કે તમારા જીવનમાં અતૂટ શ્રધ્ધા, પ્રેમ(ઈશ્ક) ની લગન, કૃતજ્ઞતાભાવ, વિનમ્રતાભાવ, સંતોષ અને ધીરજ ગ્રહણ કરી લો. આ રીતે જ પ્રિયતમ ધામધણી સાથે મૈત્રી કરી શકાય છે. નિર્ણય તમારે જાતે નક્કી કરવાનો છે. આ

વાતોને ધ્યાનમાં રાખી જો પ્રિયતમ સાથે પ્યાર કરી શકતા હો તો કરો.

**મહામત કહે એ મોમિનોં,**
**હકે બૈઠાએ તલે કદમ ।**
**કરસી હાંસી બીચ અર્સ કે,**
**જો કરી હુકમેં ઈલમ ॥(સિંધી ૧૬/૨૦)**

પ્રિયતમની પૂર્ણ શક્તિઓથી પૂર્ણ મહામતિજી કહે છે, હે બ્રહ્માત્માઓ ! ધામધણીએ(મૂલ મિલાવામાં) આપણને તેમના ચરણોમાં બેસાડીને માયાનો ખેલ બતાવ્યો. તેમના આદેશ તથા તારતમજ્ઞાન લેવા છતાં આ જગતમાં આપણે જે સ્થિતિ અહીં બનાવી મૂકી છે તેની હાંસી - મજાક તે પરમધામમાં કરશે. (તારતમજ્ઞાને આપણને ઓળખતો કરાવી દીધી પણ આપણે જાગૃત ન થયાં)

સાથીઓ ! 'હું પણા'(અહંકાર)ને દૂર કર્યા સિવાય ધણી (ખુદા) પ્રાપ્ત થતા નથી. અહંભાવથી (મારા પણાથી) મુક્ત થવું ખૂબ જ મુશ્કેલ છે. પરંતુ જે સુખ શાંતિ તમને હું પણા માં નથી મળી તે હુ પણા ને ખત્મ કરી દેવાથી મળશે. પોતાની જાતને ધૂળના કણ સમાન માનો (લઘુત્તમ ભાવમાં આવી જાઓ.)ત્યારે જ તમે બ્રહ્મસૃષ્ટિ કહેવડાવવાને લાયક બનશો. ધીરજપૂર્વક, સજાગતાથી કથની, રહેણી અને આત્મિક સ્થિતિમાં એકરૂપતા લાવવા પ્રયત્ન કરતા રહો. અધ્યાત્મના ઊંડાણમાં જઈને લઘુત્તમ



ભાવનો, આનંદનો, એકાત્મતાનો તથા તાલબધ્ધ જીવનનો અનુભવ કરવાનો છે. આજ અહંકાર ને નષ્ટ કરવાનો તથા આત્મ સ્વરૂપને પામવાનો માર્ગ છે.

મંગલમય કામનાઓ સહ,
'સપ્રેમ પ્રણામ'

**:: આટલું અવશ્ય યાદ રાખો ::**

- પ્રતિષ્ઠા ઈચ્છાવાળો અભાગી છે. સાધનાથી પ્રાપ્ત થયેલ સિધ્ધિઓ, પરબ્રહ્મનું પ્રેરકબળ, જોશ અને ધણીનો પ્યાર આ બધું જ પોતે પોતાના હાથે ગુમાવી દે છે.
- પ્રતિષ્ઠાની ભાવનાને જૂતાંથી ઠોકર મારો. આજ ધ્યાન અને ચિતવનીમાં નડતરરૂપ થાય છે.
- ધર્મોમાં બાહ્ય આંડબરનું મૂળ અહંકાર જ છે. માન-પ્રતિષ્ઠાની ભીખે જ વૈરાગ્ય ને અભડાવી મૂક્યો છે.
- 'હું પણા' ના મોતનું શરબત પિવાથી (મિથ્યાભિમાન જવાથી) પ્રિયતમ પરમાત્માના હૃદયમાં સ્થાન પ્રાપ્ત થાય છે. માયા, મોહ અને અહંકાર સમાપ્ત થયા વગર પરમધામ પ્રાપ્ત થતું નથી.
- આત્મા અને પરમાત્માની વચ્ચે અહંકાર જ એક પડદો છે. તારતમ બ્રહ્મજ્ઞાન જ અહંકાર નષ્ટ કરવાનું અમૂલ્ય ઔષધ છે. જેને સાંભળી આચરણ માં મૂકનારનો સંસાર સમાપ્ત થઈ જાય છે.
- પરમાત્માનો હુકમ જ સર્વોપરી છે. તેમના હુકમથી જ બધું થયું છે, થાય છે અને થવાનું છે. આજ ધણીની બ્રહ્મસત્તાનો હુકમ છે. (મૈં છે)
- પ્રેમની ગેરહાજરી(અનુપસ્થિતિ)નું બીજું નામ છે અહંકાર અહંકારને પરમાર્થ તરફ વાળવો તે આપણી આત્મ જાગૃત્તિ પર નિર્ભર છે.
- જ્ઞાન અને ચતુરાઈનો અહંકાર પરમાત્માનું ધ્યાન તથા દર્શનમાં અડચણરૂપ છે. તેનાથી સાવધ રહો.
- પ્રિયતમ પરમાત્મા પાસે માંગવું જ છે તો પ્રેમ માંગો, પ્રતિષ્ઠા માન-સન્માન નહીં.(ખુદાઈ ખિતાબ) તેનાથી બધુ સહજ પ્રાપ્ત થશે.
- પ્રિયતમની મહેર પ્રત્યે આભારનો અભાવ 'હું પણા'નું સૌથી સૂક્ષ્મ સ્વરૂપ છે.
- પ્રિયતમ પરમાત્મા સાથે દોસ્તી તથા પ્યાર કરવાની મહત્ત્વપૂર્ણ પ્રયુક્તિઓ. અતૂટ શ્રધ્ધા, પ્રેમની લગન, કૃતજ્ઞતા, ભાવ (આભારનોભાવ), વિનમ્રતાભાવ(લઘુત્તમ) સંતોષ અને ધૈર્યપૂર્ણ જીવન.